# હસ્તઉદ્યોગ થકી તૈયાર થયેલાં કુદરતી સૌંદર્યપ્રસાધનો




## બે યુવતીઓની અનોખી પહેલ

આજના કહેવાતા સુસંસ્કૃત અને એજ્યુકેટેડ યુવાનો મલ્ટિનેશનલ કંપનીમાં ઊંચા પગારે નોકરી મેળવવા તલપાપડ થતા હોય છે. વૈભવી લાઈફસ્ટાઈલ સ્ટેટસ વગેરેની ઘેલછા આજના દરેક યુવાનોમાં જોવા મળે છે, પરંતુ અહીં એક વાત એ પણ માનવી પડશે જેટલા યુવાનો ઉપભોક્તાવાદી બન્યા છે તેટલા જ સામાજિક જવાબદારીઓ પ્રત્યે પણ સભાન બન્યા છે. નિયતિ આર્યા અને પ્રિયલ પરીખ પણ આ યુવાનોમાંના જ એક છે. નિયતિએ વર્ષ ૨૦૦૬માં એમબીએ વિથ ફાઈનાન્સની ડિગ્રી મેળવી છેલ્લા સાડા ચાર વર્ષથી મલ્ટિનેશનલ કંપનીમાં ઉચ્ચ હોદ્દા પર નોકરી કરતી હતી. પ્રિયલ પાસે એન્જિનિયરિંગ અને આર્ટસની બે ડિગ્રી છે. તે યુએસએ અને ભારતમાં બિઝનેસ કન્સલ્ટન્ટ તરીકે ચાર વર્ષથી કાર્યરત હતી. તે બન્નેને આ નોકરીથી સારો પગાર તો મળતો હતો, પરંતુ આત્મસંતોષ ના મળ્યો ત્યારે આ બન્ને સખીઓએ મળીને

દરેક માનવીને કુદરત પ્રત્યે અનોખું આકર્ષણ હોય છે, પરંતુ આજની ઝડપી જીવનશૈલીમાં તેઓ કુદરતના સાંનિધ્યની મોજ માણી શકતા નથી. આ વાતનો ખેદ તેમને સતત રહ્યા કરતો હોય છે, પરંતુ આજે માર્કેટમાં એવાં ઘણાં ઉત્પાદનો છે, જે તેમને કુદરતની સાથે જોડી રાખવામાં મદદરૂપ બને છે. આવું જ એક ઉત્પાદન 'પ્યુરો' તાજેતરમાં માર્કેટમાં બહાર પાડવામાં આવ્યું છે.

હસ્તકળા દ્વારા બનેલાં આ ઉત્પાદનો કુદરતી પદાર્થોમાંથી બનેલાં કેમિકલ રહિત તેમ જ ૧૦૦ ટકા શુદ્ધ શાકાહારી છે.

આ ઉત્પાદનોમાં વિવિધ સુગંધોમાં ક્લિન્સીંગ બાર, બૉડી વૉશ, લિપ બામ, હેન્ડ એન્ડ બૉડી લોશન, બૉડી બટર, અલ્ટ્રા નરીશ, મોઈશ્ચરાઈઝર, બૉડી સ્ક્રબ અને મસાજ ઑઈલનો સમાવેશ થાય છે :

કંઈક નવું, ભિન્ન શરૂ કરવાનું વિચાર્યું, જેમાંથી આત્મસંતોષ મળી શકે અને જન્મ થયો 'Puro'નો. સ્પેનિશમાં જેનો અર્થ થાય છે પ્યોર અથવા શુદ્ધ. 'પ્યુરો'ના બ્રાન્ડનેમ હેઠળ સંપૂર્ણ શુદ્ધ શાકાહારી સામગ્રી વાપરીને કેમિકલ રહિત સાબુ, બૉડી વૉશ, બૉડી બટર, બૉડી સ્ક્રબ, મસાજ ઑઈલ, લીપ બામ વગેરે જેવી વસ્તુઓ બનાવવામાં આવે છે. માત્ર એટલું જ નહીં, આ વસ્તુઓ શ્રમિક નારી સંઘ નામક બિનસરકારી સંસ્થાની મહિલાઓ દ્વારા બનાવવામાં આવે છે, જેનો પ્રિયલ અને નિયતિને આત્મસંતોષ મળે છે.




કેમિકલથી બનેલી વસ્તુઓ સામે સક્ષમ રીતે ટકી રહેવા માટે બન્ને સખી સતત પ્રયત્નશીલ રહે છે. તેમની સર્જનાત્મકતાનો સંપૂર્ણ ઉપયોગ કરે છે જેથી વસ્તુઓનાં સુગંધ, સ્પર્શ, ગુણવત્તા, નૈસર્ગિકતા અને આકર્ષકતા 'કેમિકલ વસ્તુઓ કરતાં વધુ સુંદર લાગે છે તેમ જ કોસ્મેટિક જગતના નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ 'પ્યુરો'ની નેચરલ વસ્તુઓ તૈયાર થાય છે.

ગ્લોબલ વૉર્મિંગ તેમ જ સૌંદર્ય પ્રસાધનોમાં વાપરવામાં આવતાં હાનિકારક રસાયણોને કારણે ચામડીના રોગો, ખંજવાળ, ફોલ્લા ઊઠવા, આંખમાં બળતરા થવી જેવી તકલીફો થતી રહેતી હોય છે, જ્યારે 'પુરો'માં આવાં કોઈ પણ પ્રકારના રસાયણો વાપરવામાં નથી આવતાં જેથી ત્વચા વધુ નિખરે છે અને રોગ દૂર રહે છે. પોતાની કલ્પનાને વાસ્તવિકતામાં બદલનાર નિયતિ અને પ્રિયલ પોતાનાં સ્વપ્ન, શોખને સાકાર કરવાની સાથે-સાથે સ્ત્રીઓને પણ પગભર બનાવી રહી છે, જે તેમને અનેરો સંતોષ આપે છે. શ્રમિક નારી સંઘ દ્વારા શ્રીમદ રાજચંદ્ર આત્મતત્ત્વ રિસર્ચ સેન્ટર દ્વારા સ્ત્રીઓને સામાજિક આર્થિક રીતે સધ્ધર બનાવવાનો પ્રયાસ છે. પોતાનાં ઉત્પાદનોની વાત કરતાં તેઓ કહે છે કે અમે સૌમ્ય પ્રિઝર્વેટિવ વાપરીએ છીએ જે ત્વચા માટે પૂરેપૂરી સુરક્ષિત અને આડઅસર રહિત છે. અમારાં ઉત્પાદનો ત્વચા પર રાસાયણિક પડ બનાવતાં નથી અને ત્વચામાં ઊંડે ઊતરી જઈ તેને અંદરથી તંદુરસ્ત બનાવે છે. તેમાં તમને ફીણ ઓછાં મળશે, છતાં તેની સફાઈ પ્રક્રિયા વધુ અસરકારક હશે.

# શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ મલાડ (વેસ્ટ)

## વિવિધ પ્રવૃત્તિઓથી સક્રિય આ ઉપાશ્રય વિષે જાણો વિસ્તારથી

મલાડ-વેસ્ટની મામલતદાર વાડી વિસ્તારમાં આવેલા સ્થાનકવાસી જૈન ઉપાશ્રયની પાવન ભૂમિ પર હાલ ઉપાશ્રયના નૂતનીકરણનું કાર્ય ચાલી રહ્યું છે. વિવિધ પ્રવૃત્તિઓથી કાર્યરત આ ઉપાશ્રય વિષે ચાલો જાણીએ વિસ્તારથી.

મલાડ-વેસ્ટ મામલતદાર વાડીમાં આવેલા શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘનો નૂતન ઉપાશ્રય હાલ નિર્માણાધીન છે. નૂતનીકરણ માનદ મંત્રી મૂળચંદભાઈ મોહનલાલ દોશીના નેતૃત્વ હેઠળ ચાલી રહ્યું છે. નૂતનીકરણના કાર્યમાં જયકાન્ત અમૃતલાલ હિરાણી, શૈલેશભાઈ ભીમરાજ ગાલા વગેરે અને આર્કિટેક્ટ ભૂપેન્દ્રભાઈ પાત્રાવાલા અને હિરેન તન્ના માનદ સેવા આપી રહ્યા છે. ફંડ એકત્રિત કરવા માટે યુવા ટ્રસ્ટી જિગ્નેશ હિરાણીનું યોગદાન છે. મંજુલાબહેન હંસરાજ (ગડા) શાહ પરિવારના પ્રદીપભાઈ, હરેશભાઈ, નરેશભાઈ તરફથી ઉપાશ્રયનું મુખ્ય નામકરણ, પ્રવેશદ્વાર તેમ જ અન્ય વિભાગ માટે માતબર રકમનું અનુદાન અર્પણ કર્યું છે. વ્યાખ્યાન હૉલ વગેરે માટે પ્રવીણભાઈ હીરજી સોજપાલ, મૂળચંદભાઈ

### જૈન સંઘનાં સંભારણાં : ચાતુર્માસ માહાત્મ્ય

બ્રિજલ શાહ

મોહનલાલ દોશી, મૂળચંદ દેવચંદ સંઘવી વગેરે દાતાઓએ યોગદાન આપ્યું છે.

શ્રી ઉમરશીભાઈ બી. વીરાની સેવાઓને બિરદાવી 'સંઘરત્ન'પદથી સન્માન્યા હતા.

● **સંઘની પ્રવૃત્તિઓ :-** સંઘમાં આયંબિલ શાળા, પાઠશાળા, મહિલામંડળ (૧૫૦ સભ્ય), ચાતુર્માસમાં ચૌવિહાર હાઉસ, સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ, મેડિકલ સહાય અને માનવરાહત યોજના, નવકારમંત્ર જાપ તેમ જ મુંબઈના અને અન્ય વિવિધ સંઘમાં પોષધ કરાવવા જેવી વિવિધ પ્રવૃત્તિઓ થાય છે. મલાડ સંઘમાં પરિવારના સહયોગથી દર આઠમ/પાખીના ચાળીસથી પચાસ પૌષધની આરાધના તેમ જ સંવત્સરીના દિને ૧૦૮થી વધુ પૌષધ વ્રતની આરાધના થાય છે.

ઉપાશ્રયની પાવન ભૂમિ પર ગોંડલ સંપ્રદાયના પૂ. રતિલાલજી મ. સા.ના સાંનિધ્યમાં પૂ. મુક્ત-લીલમ મહાસતીજીની નિશ્રામાં